એરપોર્ટના સિટી સાઈડ પાર્કિંગ એરિયામાં આવેલી કેન્ટીનનાં ખંભાતી તાળાં પણ ખૂલશે

સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ ફૂડ બેવરેજીસ માટે માસ્ટર્સ કોન્ટ્રાક્ટરને ઈજારો અપાશે

એક એજન્સી ટેન્ડર મેળવ્યા પછી સ્ટોલ બીજા લોકોને ભાડે આપી શકશે, BCASની મંજૂરીની જોવાતી રાહ

સુરતઃ સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટના ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ટર્મિનલ બિલ્ડિંગ, પાર્કિંગ એરિયા સહિતના વિસ્તારમાં ફૂડ એન્ડ બેવરેજીસ માટે માસ્ટર કન્સેસર્સને નવો કોન્ટ્રાક્ટ આપવા ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. એ અંગે બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યોરિટી (BCAS)ની મંજૂરી માંગવામાં આવી છે. અત્યારે સુરત એરપોર્ટ પર શહેરની જાણીતી રેસ્ટોરન્ટ ફૂડ બેવરેજીસની સેવા આપે છે, પણ નવો કોન્ટ્રાક્ટ એક જ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં સેવા આપતી અનુભવી એજન્સીને આપવામાં આવશે. જે પોતે જુદી જુદી સેવાઓ આપતા લોકોને સ્ટોલ ભાડે આપી શકશે. ટર્મિનલ બિલ્ડિંગ બહારની કેન્ટીન પણ એમાં ગણી લેવામાં આવી છે. એના લીધે હાલ બંધ પડી છે.

દરમિયાન ગુરુવારે ટર્મિનલ બિલ્ડિંગમાં કેફેટેરિયા અને બેવરેજીસ વેચાણ માટે BCASની મંજૂરી આપવામાં આવી છે, પણ ફૂડ અને બેવરેજીસનો કોન્ટ્રાક્ટ એક જ એજન્સીને ફાળવ્યા પછી બાકીનાં કાર્યરત સ્ટોલધારકો, રેસ્ટોરન્ટ સંચાલકોએ માસ્ટર્સ કોન્ટ્રાક્ટરને ભાડું ચૂકવવું પડશે. જ્યારે એરપોર્ટ ઓથોરિટી માત્ર એક જ એજન્સી પાસે સંપૂર્ણ ફૂડ એન્ડ બેવરેજીસ એરિયાનું ભાડું વસૂલશે. જેને લઈ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના સિટી સાઈડ પાર્કિંગ એરિયામાં મુસાફરો અને મુલાકાતીઓ માટે ઉપલબ્ધ કેન્ટીન કમ રેસ્ટોરન્ટને લાગેલાં ખંભાતી તાળાં ખૂલી જશે. પાર્કિંગ એરિયામાં કોઈ ફૂડ એન્ડ બેવરેજીસ (કેન્ટીન/રેસ્ટોરન્ટ) ની સુવિધાઓ ઉપલબ્ધ નથી. નાનું આઉટલેટ જે અગાઉ કાર્યરત હતું તે પણ 5મી માર્ચ, 2024ના રોજ બંધ થઈ ગયું છે. આ સમસ્યાને ઉકેલવા માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાને રજૂઆત કરવામાં આવી છે. આ સુવિધા અચાનક બંધ કરી દેવાતાં એરલાઈન સ્ટાફને ચા-નાસ્તો કરવા 1 કિ.મી. દૂર સાયલન્ટ ઝોનમાં જવું પડી રહ્યું છે.

આંતરરાષ્ટ્રીય બિલ્ડિંગમાં F|B (કેન્ટીન/રેસ્ટોરન્ટ) સેવાનો અભાવ છે. એના લીધે મુસાફરો, મુલાકાતીઓ અને સ્ટાફ આ આવશ્યક સુવિધાઓની ગેરહાજરીને કારણે અસુવિધાનો સામનો કરી રહ્યા છે. એરલાઈન સ્ટાફને ચા-નાસ્તો માટે સાયલન્ટ ઝોનમાં જવું પડી રહ્યું છે.

પાંડેસરામાં મની ટ્રાન્સફર કરતા વેપારી સાથે 4.01 લાખની છેતરપિંડી

પૈસા ટ્રાન્સફર કરાવી ગયેલો ઠગ ફોન બંધ કરી મકાન અને દુકાનને તાળું મારી નાસી ગયો

વેપારી પાસેથી અલથાણના યુવકને રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં રહેતા અને મની ટ્રાન્સફરનું કામ કરતા વેપારી પાસે એક ઠગે અલગ અલગ સમયે કુલ રૂપિયા 4.01 લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. અને તેનું પેમેન્ટ નહીં કરી હાથ ઊંચા કરી દીધા હતા. આ બનાવની ફરિયાદ થતાં પાંડેસરા પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પાંડેસરા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ પાંડેસરા ગોવાલક રોડ પર રામનગર સોસાયટીમાં રહેતા શંકરભાઈ રામચંદ્ર મહંતી ઓનલાઈન મની ટ્રાન્સફરનું કામ કરે છે. અલથાણ વિસ્તારમાં ખોડીયાર નગર સોસાયટીમાં રહેતા પંકજભાઈ મનોજભાઈ મહેતા તેમની પાસે સમયાંતરે મની ટ્રાન્સફર કરાવતા હતાં.

જેના કારણે બંને વચ્ચે એક વિશ્વાસ ઉભો થયો હતો. જેનો લાભ ઉઠાવી પંકજ મહેતાએ 18 ફેબ્રુઆરી 2024 થી 28 ફેબ્રુઆરી સુધીમાં અવારનવાર ટુકડે ટુકડે 4.01 લાખ મની ટ્રાન્સફર કરાવ્યા હતાં. તેમણે આ પૈસાની માંગણી કરતા પંકજે હાથ ઊંચા કરી દીધા હતા. તેમણે તેમના ઘરે જઈને તપાસ કરતાં તે ઘર બંધ કરીને નાસી છૂટ્યો હતો તેમજ તેણે તેનો મોબાઈલ ફોન પણ બંધ કરી દીધો હતો. જેથી શંકરે આ અંગે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

હજુ વેકેશન પૂરું થયું નથીને નવાં પાઠ્યપુસ્તકો આવી ગયાં

■ શાળાઓમાં ફાઈનલ પરીક્ષાઓ પૂર્ણ થઈ ચૂકી છે અને વેકેશન પણ શરૂ થઈ ગયું છે. ત્યારે નવી શૈક્ષણિક ટર્મ માટે બજારમાં પાઠ્ય પુસ્તકોનો સ્ટોક ઠલવાવા લાગ્યો છે. (સતિષ જાદવ)

શહેરમાં અચાનક બેભાન થઈ જતાં મહિલા સહિત બેનાં મોત

આંબાતલાવડીનો રિક્ષાચાલક રાત્રે સૂઈ ગયા બાદ સવારે ઊઠ્યો જ નહીં, વેડ રોડની મહિલાને છાતીમાં દુખાવો થતાં ઢળી પડી

સુરતઃ શહેરમાં અચાનક બેભાન થઈ જતાં મહિલા સહિત બેનાં મોત નીપજ્યાં હતાં, જેમાં આંબાતલાવડીનો રિક્ષાચાલક રાત્રે સૂઈ ગયા બાદ સવારે ઊઠ્યો જ ન હતો. તો બીજા બનાવમાં વેડ રોડની મહિલાને છાતીમાં દુખાવો થતાં ઢળી પડી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ કતારગામ આંબાતલાવડી ખાતે ચેતન ભીખા રાઠોડ (ઉ.વ.35) ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. ચેતન રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. બુધવારે રાત્રે ચેતન કામ પરથી ઘરે આવીને જમીને સૂઈ ગયો હતો. ગુરુવારે સવારે તેની પત્ની રમીલાબેને તેને ઉઠાડવાના પ્રયાસ કર્યા હતા. પરંતુ તે ઊઠ્યો ન હતો. જેથી 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

બીજા બનાવમાં મૂળ ઓરિસ્સાના વતની અને હાલ વેડ રોડ ત્રિભુવન સોસાયટીમાં રામચંદ્ર સ્વાઈન પરિવાર સાથે રહે છે. રામચંદ્ર લૂમ્સના ખાતામાં નોકરી કરે છે. રામચંદ્રની પત્ની કવિતા (ઉ.વ.49) બુધવારે રાત્રે 11:30 વાગ્યાના અરસામાં ઘરમાં કામ કરી રહી હતી.

એ સમયે તેને છાતીમાં દુખાવો થતાં તે બેભાન થઈને ઢળી પડી હતી. જેથી તેને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી.

કાપોદ્રામાં 13 જગ્યાએ પોલીસના દરોડા ગેસની 41 બોટલ સાથે 13ની ધરપકડ

41 બોટલ, ઇલેક્ટ્રિક કાંટા, ગેસ ભરવાના વાલ્વ મળી કુલ 1.44 લાખનો મુદ્દામાલ કબજે

સુરતઃ કાપોદ્રા વિસ્તારમાં ગેસ સર્વિસ દુકાનની આડમાં ગેરકાયદે રીતે ગેસની બોટલમાંથી બીજી બોટલમાં ગેસ રિફિલિંગની પ્રવૃત્તિ ચાલતી હતી. આ અંગે બાતમી મળતાં પોલીસે અલગ અલગ 13 જગ્યા ઉપર રેઈડ કરી કુલ 13 આરોપીને પકડી પાડ્યા હતા અને 1.44 લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો.

શહેરમાં જીવતા બોમ્બની જેમ ગેરકાયદે ગેસ રિફિલિંગનું કામ કરી લોકોના જીવ સાથે ચેડાં કરનારા સામે કાર્યવાહી કરવા કાપોદ્રા પોલીસ ઇન્સ્પેક્ટર એમ.બી.ઔસુરાએ તેમની ટીમને સૂચના આપી હતી. કાપોદ્રા પોલીસની ટીમને હાલમાં સમગ્ર કાપોદ્રા વિસ્તારમાં અલગ અલગ જગ્યાઓએ ગેસ સર્વિસ દુકાનની આડમાં ગેસની બોટલમાંથી બીજી બોટલમાં ગેસ રિફિલિંગ કરવાની પ્રવૃત્તિ ચોરીછૂપેથી ચાલતી હોવાની બાતમી મળી હતી. તેમને પકડવા માટે કુલ 4 ટીમ બનાવાઈ હતી. કુલ 20 પોલીસ કર્મચારી આ ટીમમાં કાર્યરત રહી એકસાથે કાપોદ્રામાં અલગ અલગ કુલ 13 જગ્યા ઉપર રેઇડ કરી હતી અને ૧૩ દુકાનદારને ગેસ રિફિલિંગ કરતા ઝડપી પાડ્યા હતા. પોલીસની ટીમોએ કાપોદ્રા દીનદયાળનગર વસાહત, મુરઘા કેન્દ્ર વડવાળા શોપિંગ સેન્ટર, કાપોદ્રા અક્ષર ડાયમંડ ખાતે, રામકૃષ્ણ કોલોની ભરવાડ ફળિયા અને મોહનબાગ બરોડા પ્રિસ્ટેજ ખાતે રેઈડ કરી હતી. ૧૩ દુકાનદાર પાસેથી અલગ અલગ કંપનીની ગેસની મોટી તથા નાની ભરેલી ગેસની બોટલો તથા ખાલી ગેસની બોટલો મળી કુલ ૪૧ બોટલ તથા ગેસ રિફિલિંગનું મશીન નળી સાથે નંગ-૧૩, ઇલેક્ટ્રિક વજન કાંટા-૧૩, ગેસ ભરવાનો વાલ્વ નંગ-૧૩ તથા રિફિલિંગમાં ઉપયોગ થતા લોખંડનાં પાનાં નંગ- ૧૮ મળી કુલ 1.44 લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો.

અલગ અલગ વેબસાઈટ પર નોકરી માટે બાયોડેટા મૂકનાર યુવતી પાસે

યુકેમાં 8 હજાર પાઉન્ડની નોકરી માટે વિઝાની પ્રોસેસના નામે 1.22 લાખ પડાવાયા

વિઝા પ્રોસેસના નામે 35 હજાર અને પોલીસ વેરિફિકેશન અને વર્ક પરમિટ માટે 87,200 પડાવ્યા બાદમાં એન્ટી ડ્રગ સર્ટિફિકેટ માટે વધારાના 82,200 ની માંગણી કરી

સુરતઃ ભેસ્તાનમાં રહેતી અને જુનાગઢના રિસોર્ટમાં નોકરી કરતી યુવતીએ યુકેમાં ઓનલાઈન નોકરી માટે અને ત્યારબાદ વિઝા માટે પ્રયાસ કર્યાં હતાં. જો કે ચીટરોએ વિઝાની વિવિધ પ્રક્રિયાના બહાને 1.22 લાખ પડાવ્યા હોવાની ફરિયાદ યુવતીએ સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ભેસ્તાનના જમનાનગરમાં રહેતી દીપીકા તિવારી સ્નાતક છે અને હાલ જુનાગઢમાં એક રિસોર્ટમાં નોકરી કરે છે. તેણે અલગ અલગ વેબસાઈટ પર નોકરી માટે તેનો બાયોડેટા મુક્યો છે. ગઇ તારીખ 16 ઓગસ્ટ 2023 ના રોજ તેને દિલ્હી સિનિયર કોન્સ્યુલેટ યુકે વીઝા પરમીટ પરથી ઇ મેઈલ આવ્યો હતો. જેમાં યુકેમાં ફ્રન્ટ ઓફિસ એક્ઝિક્યુટિવ તરીકેની નોકરી માટે ઓફર લેટર આવ્યો હતો. તેના માટે મહિને 8 હજાર પાઉન્ડ સેલરી મળશે તેમ જણાવવામાં આવ્યું હતું. બાદમાં યુકે ના નંબર પરથી દિપીકાના મોબાઈલ પર ફોન આવ્યો હતો. અને આગળની વીઝા પ્રોસેસ માટે ડોક્યુમેન્ટ માટે બે મોબાઈલ નંબર આપી તેની ઉપર સંપર્ક કરવા કહ્યું હતું. દિપીકાએ આ નંબર પર ફોન કરીને પૂછતા સામેથી વાત કરી રહેલી વ્યક્તિએ વીઝા પ્રોસેસ માટે 35 હજાર ભરવાનું કહ્યું હતું. જે દીપિકાએટ્રાન્સફર કર્યા હતા. 15 દિવસમાં વીઝા થઈ જશે તેમ કહીને પછી પોલીસ વેરિફિકેશન અને વર્ક પરમીટ માટે બીજા 87,200 રૂપિયા ટ્રાન્સફર કરવાનું કહેતા તે પણ મોકલી આપ્યા હતા. બાદમાં એન્ટી ડ્રગ સર્ટિફિકેટ માટે વધારાના 82,200 રૂપિયાની માંગણી કરી હતી. દિપીકાને શંકા જતા પોતે પહેલા આપેલા પૈસાની માંગણી કરી હતી. અજાણ્યાએ આ માટે કંપનીમાં ઈમેઈલ કરવાનું કહીને જો પૈસા પરત જોઈએ તો તે માટે પણ બીજા 12 હજારની માંગણી કરી હતી. દિપીકાએ આ અંગે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધારે તપાસ હાથ ધરી છે.

ચેમ્બરના ઉપપ્રમુખ પદની ચૂંટણીનો જંગ નિખિલ મદ્રાસી વિરુદ્ધ મનીષ કાપડિયાનો બની રહેશે

કાપડ માર્કેટ્સના સમર્થનથી ચૂંટણી લડી રહેલાં બંદના ભટ્ટાચાર્ય નિખિલ મદ્રાસીના સમર્થનમાં ખસી ગયાં

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના વર્ષ 2024-25ના ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં નવો વળાંક આવ્યો છે. માજી પ્રમુખોના જૂથનાં નારાજ ઉમેદવાર ડો.બંદના ભટ્ટાચાર્યએ ગુરુવારે ઉદ્યોગ જગતના આગેવાનોની સમજાવટને પગલે માજી પ્રમુખોના જૂથના ઉમેદવાર નિખિલ મદ્રાસીની તરફેણમાં દાવેદારી પરત ખેંચી હોવાની જાણ ચૂંટણી કમિટીને કરી હતી.

દરમિયાન ચેમ્બરમાં ઉપપ્રમુખ પદની ચૂંટણી પ્રાંત, પ્રદેશવાદ પર જતાં નારાજગી સાથે સીએ મિતિષ મોદી પણ સંભવતઃ આવતીકાલે પોતાની દાવેદારી વિધિવત ખેંચી લેશે એવું જાણવા મળ્યું છે. જો કે, તેમનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે, કાલે બધા ટેકેદારોને વિશ્વાસમાં લઈ નિર્ણય લઈશ. દરમિયાન ટેક્સટાઈલ જગતના અગ્રણીઓ સાવરમલ બુધિયા, પાંડેસરા ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિ.ના ચેરમેન કમલવિજય તુલશ્યાન, સાઉથ ગુજરાત ટેક્સટાઈલ ટ્રેડર્સ એસોસિએશનના પ્રમુખ સુનીલ જૈન, ફોસ્ટાના પ્રમુખ કૈલાસ હકીમ, ઓફિસર જીમખાનાના સેક્રેટરી અશોક મહેતા, ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખો ભરતભાઈ ગાંધી, રાજેન્દ્રભાઈ ચોખાવાલા, પ્રફુલભાઈ શાહ, અશોકભાઈ શાહ, ડો.અજોય ભટ્ટાચાર્ય, સચિન નોટિફાઈડ એરિયાના ચેરમેન અને સચિન જી.આઈ.ડી.સી.ના સેક્રેટરી મયૂર ગોળવાલા અને ઉદ્યોગપતિ મયૂરભાઈ ચેવલીની ઉપસ્થિતિમાં બંધબારણે બેઠક યોજાઇ હતી.

સોશિયલ મીડિયામાં સૌરાષ્ટ્રવાસી મતદારો અંગે ટિપ્પણી થતાં મામલો ગરમાયો

ચેમ્બરમાં ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં મેનેજિંગ કમિટીના કેટલાક સુરતી સભ્યોએ સોશિયલ મીડિયામાં સૌરાષ્ટ્રવાસી મતદારો અંગે ટિપ્પણી કરતાં મામલો ગરમાયો છે. સુરત ડાયમંડ એસોસિએશનની મળેલી સૌરાષ્ટ્રવાસી સભ્યોની મીટિંગમાં આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો, જેમાં સૌરાષ્ટ્રવાસીઓ અંગે સુરતી સભ્યોની આવી હીન લાગણી હોય તો ઉમેદવાર મનીષ કાપડિયા ભલે હારી જાય, પણ એકવાર દમ લગાવી ચૂંટણી લડી લેવાની અને 4000 મત ચૂંટણી જીતવા ઓછા ન હોવાનો સૂર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સીબીઆઈમાંથી પરત ગુજરાત આવેલા રાઘવેન્દ્ર વત્સ સુરત ક્રાઈમના નવા જોઈન્ટ સીપી

સુરત ક્રાઈમ જોઈન્ટ સીપીની પોસ્ટ શરદ સિંઘલના ગયા પછી ખાલી હતી

સુરતઃ સીબીઆઈમાંથી પરત ગુજરાત આવેલા રાઘવેન્દ્ર વત્સ વેઈટિંગમાં હતા ત્યારે આજે તેમને સુરત ક્રાઈમ જોઈન્ટ સીપી તરીકે મુકવામાં આવ્યા છે.

કેન્દ્રીય એજન્સી સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનમાંથી બે આઈપીએસ અધિકારી ગગનદીપ ગંભીર અને રાઘવેન્દ્ર વત્સ ડેપ્યુટેશનનો પિરીયડ પૂરો કરીને પરત ગુજરાત આવી ગયા હતા.

આ બંને અધિકારીઓને કોઈ પોસ્ટિંગ આપવામાં આવ્યું ન હતું અને તેઓ ચાર્જમાં ચાલી રહ્યાં હતા. ગગનદીપ ગંભીર તો તેમની અટક પ્રમાણે ગંભીરતાથી કામ કરવા માટે જાણીતા છે અને રાઘવેન્દ્ર વત્સ લો પ્રોફાઈલ વ્યક્તિત્વ ધરાવે છે. હળીમળીને રહેતા હોવાની તેમની છાપ છે. તેઓ સીબીઆઈમાં ફરજ બજાવતા હતા ત્યારે અલગ પ્રકારની ચાય અને કોફી બનાવડાવીને મુલાકાતીઓને પીવડાવવા માટે જાણીતા હતા. સુરત ક્રાઈમ જોઈન્ટ સીપીની પોસ્ટ શરદ સિંઘલના ગયા પછી ખાલી હતી. તેમની જગ્યા ઉપર આજે કરવામાં આવેલા ઓર્ડરમાં રાઘવેન્દ્ર વત્સને મુકાયા છે.

ભેંસાણ મેટ્રો પ્રોજેક્ટમાં કામ કરતી 27 વર્ષીય પરિણીતાની ઝેર પી આત્મહત્યા

સુરતઃ ભેસાણ ખાતે રહેતી 27 વર્ષીય પરિણીતાએ ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી. નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશના વતની કાળુભાઇ સોલંકી, હાલ ભેસાણ રોડ ખાતે લેબર કોલોનીમાં પત્ની લીલાબેન (27 વર્ષ) તેમજ ત્રણ સંતાન સાથે રહે છે. કાળુભાઇનું પરિવાર મેટ્રો પ્રોજેક્ટમાં મજૂરીકામ કરે છે.

બુધવારે સાંજે 6:30 વાગ્યાના સુમારે કાળુભાઇના પત્ની લીલાબેને ઝેર પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જેથી તેને 108 એમ્બ્યૂલન્સ મારફતે સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી.

મિનીબજારમાં ઝાડ પડતાં રસ્તા પર પાર્ક કરેલાં વાહનો દબાયાં

રત્નકલાકારોના પાર્ક કરેલાં વાહનો ઉપર ઝાડની મોટી ડાળીઓ પડતાં ચાર મોટરસાઇકલ દબાઈ ગઈ

સુરતઃ વરાછાના મિનીબજાર સ્થિત ડાયમંડ વર્લ્ડ સામે એક ઝાડની ડાળીઓ પડી હતી. તેના કારણે ભારે દોડધામ મચી ગઈ હતી. અહીં રસ્તા ઉપર પાર્ક કરેલાં વાહનોને નુકસાન થયું હતું. ફાયર વિભાગની ટીમ દ્વારા આ ઝાડને હટાવવામાં આવ્યું હતું.

પ્રાપ્ત જાણકારી મુજબ મિનીબજાર વિસ્તારમાં આવેલા ડાયમંડ વર્લ્ડની સામે રોડની સાઈડ પર રત્નકલાકારોએ તેમની મોટરસાઈકલ્સ અને તથા મોપેડ પાર્ક કરે છે. દરમિયાન ગુરુવારે સવારે આ પાર્ક કરેલા વાહન પર અચાનક ઝાડની ડાળીઓ પડી હતી. આ ઘટનાની ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ફાયર વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી. ફાયરની ટીમે ઝાડની ડાળીઓ કાપીને મોટરસાઈકલ્સને બહાર કાઢી હતી.

ઉધના પોલીસ મથકના NDPSના ગુનામાં આરોપીને સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા

સુરતઃ એનડીપીએસના ગુનામાં ઝડપાયેલા આરોપીને સુપ્રિમ કોર્ટે જામીન પર મુક્ત કર્યો છે.

કેસની વિગત એવી છે કે એસઓજીએ નવેમ્બર 2020માં ઉધના બીઆરટીએસ રોડ, નહેર પર હિંગાળા સોસાયટીમાં રહેતા આરોપી સ્વરૂપસિંહ હિરસિંહ રાજપૂતના ઘરે છાપો મારીને તેને 4.79 કિલો અફીણ સાથે ઝડપી પાડ્યો હતો. તેની કિંમત 4.78 લાખ રૂપિયા હતી. ઉપરાંત અફીણ વેચાણના 11.80 લાખ રૂપિયા પણ કબજે કર્યા હતા. ઉધના પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ થયો હતો. આરોપીએ જામીન પર મુક્ત થવા માટે એડવોકેટ કલ્પેશ એસ.દેસાઈ અને ધીરજ બી.દેસાઈ તથા કિશન દહિયા મારફત સુપ્રીમ કોર્ટમાં જામીન અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટે આરોપીઓના એડવોકેટની દલીલો ગ્રાહ્ય રાખીને આરોપીને જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો હતો.

ઓનલાઈન ગેમિંગના 5 લાખની વસૂલાત માટે નોઈડાના બે જણાંને સુરતમાં ગોંધી રખાયા

અપહરણના માસીના દીકરાએ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને વર્દી લખાવતાં પુણા પોલીસ દોડતી થઈ

પોલીસ મોબાઈલ નંબરના આધારે સીતાનગર પહોંચી, આરોપીઓએ પોલીસની બીકે બંનેને છોડી મૂક્યા તો બંને દિલ્હી ભાગી છૂટ્યા

સુરતઃ દિલ્લી નોઈડા ખાતે રહેતા બે જણાને સુરત પુણા પોલીસની હદમાં પરવટ પાટીયા ખાતે ગોંધી રાખી પૈસાની માંગણી કરાતી હોવાનો કોલ પોલીસ કંટ્રોલ રૂમને મળ્યો હતો. જેના આધારે પુણા પોલીસે તપાસ કરી બે આરોપીઓની અટકાયત કરી છે. પરંતુ ભોગ બનનારા બંને જણાને આરોપીઓએ પોલીસની ગંધ આવી જતા છોડી મુકતા તેઓ દિલ્હી ભાગી ગયા છે. આ સમગ્ર કેસની પુણા પોલીસ હાલ તપાસ કરી રહી છે. અત્યારે સમગ્ર મામલો ઓનલાઈન ગેમીંગમાં 5 લાખની લેવડ દેવડનો હોવાનું ધ્યાને આવ્યું છે.

પુણા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ગઈકાલે પોલીસ કંટ્રોલ રૂમમાં અંકિત નામના વ્યક્તિએ કોલ કરીને જણાવ્યું હતું કે તેના માસીના દિકરા સચીત તોમર અને લોકેશને અજાણ્યાઓએ અપહરણ કરી ગોંધી રાખ્યા છે અને તેઓ છોડવા માટે પૈસાની માંગણી કરી રહ્યા છે.

આ અંગે તાત્કાલિક પુણા પોલીસને જાણ કરવામાં આવી હતી. પુણા પોલીસે કોલરને મોબાઈલ નંબરના આધારે ટ્રેસ કરીને સીતાનગર પહોંચ્યા હતા. જ્યાં આરોપીઓને પોલીસની ગંધ આવી જતા તેમણે ગોંધી રાખેલા બંનેને છોડી મુક્યા હતા. આ બંને દિલ્હી તરફ ભાગી ગયા હતા. દરમિયાન પોલીસે તપાસ કરીને ઉમેશ કાતરીયા અને કમલેશ નામના બે જણાને પકડી પુછપરછ હાથ ધરી છે.

હાલ પ્રાથમિક તપાસમાં બંને ભોગ બનનારાઓ પાસેથી તેમને ઓનલાઈન ગેમીંગના 5 લાખ રૂપિયા લેવાના હતા. જેમાંથી 2.50 લાખ તેમને આપ્યા હતા અને બાકીના પૈસાની વસૂલાત કરવા તેમને ગોંધી રાખ્યા હતા. બંને સાથે વોટ્સએપ અને ફેસબુક પર વાત કરીને બોલાવ્યા હતા. હાલ પુણા પોલીસે ચારથી પાંચ જણાની અટકાયત કરી હોવાનું જાણવા મળ્યું છે. જો કે ભોગ બનનારા નહીં આવે અને તેમના નિવેદન નહીં લેવાય ત્યાં સુધી કોઈપણ સત્તાવાર માહિતી આપવા ઈનકાર કર્યો હતો.

બે દિવસ વાદળછાયા વાતાવરણ બાદ કાળઝાળ ગરમીની આગાહી

સુરતઃ સુરતીઓએ હવે ગરમીમાં શેકાવા તૈયાર થઈ જવું પડશે. શહેરમાં ફરીથી ગરમીનો પારો ઊંચકાયો છે. ગુરુવારે તાપમાનમાં 0.8 ડિગ્રીનો ઘટાડો હોવા છતાં જાણે આકાશમાંથી અગનગોળા વરસ્યા હતા. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી બે દિવસ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં કેટલાક વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ રહેશે. બંગાળના ઉપસાગરને ભેજ અને અરબ સાગરના ભેજના કારણે પ્રિ-મોન્સુન એક્ટિવિટીની શરૂઆત થઈ છે. જો કે, બે દિવસ બાદ ફરી કાળઝાળ ગરમી માટે તૈયાર રહેવું પડશે. આ એક્ટિવિટીને લીધે જ શહેરમાં ગુરુવારે મહત્તમ તાપમાનમાં 0.8 ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. મહત્તમ તાપમાન 38 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 26.2 ડિગ્રી નોંધાયું હતું. હવામાં 32 ટકા ભેજ સાથે 6 કિમીની ઝડપે દક્ષિણ-પશ્ચિમનો પવન ફુંકાયો હતો. આગામી બે દિવસ પછી એટલે કે આવતા અઠવાડિયે શહેરમાં તાપમાન 40 ડિગ્રીને પાર પહોંચી શકે છે.

યોગીચોકમાં ભરબપોરે આખલાએ ધમાચકડી મચાવી, ચાર ઘાયલ

ફાયર બ્રિગેડે દોઢ કલાકની જહેમત બાદ આખલાને કાબૂમાં કરી ઢોર પકડનારી પાર્ટીને સોંપી દીધો

સુરતઃ કાપોદ્રાનાયોગીચોક વિસ્તારમાં ગુરુવારે બપોરે એક રસ્તા ઉપર રખડતો આખલો ભારે આતંક મચાવવા લાગ્યો હતો. તેને કારણે અહીંથી પસાર થતા 3થી 4 જેટલા રાહદારીઓ ઘાયલ થયા હતા. આખલાએ મચાવેલી ધમચકડીને જોઈને આ વિસ્તારના લોકો ખૂબ ભયભીત થઈ ગયા હતા. બાદમાં સ્થાનિક લોકોએઘટનાને લઈ ફાયર કંટ્રોલને જાણ કરી હતી, તેથી પુણાફાયર બ્રિગેડનાજવાનોએઆખલાને ભારે જહેમત બાદ પકડીને કાબૂમાં કર્યો હતો.

પ્રાપ્ત જાણકારી મુજબ કાપોદ્રામાં આવેલા યોગીચોક વિસ્તારમાં જ્ઞાનદીપ વિદ્યાલયનીબાજુમાં ગુરુવારે બપોરે એક રખડતો આખલો માટેલો બન્યો હતો અને બેકાબૂ બનીને રસ્તા ઉપરઆમતેમ દોડવાલાગ્યો હતો. તેની સામે જે આવે તેને તે અડફેટે લઇ લેતો હતો. અહીંથી પસાર થતા 3થી 4 જેટલા રાહદારીઓ અડફેટે આવી જતાઘાયલ થયા હતા. આખલાનો આતંકજોઈને આખા વિસ્તારના લોકોમાં ભય વ્યાપી ગયો હતો. આથી લોકોએ ફાયર કંટ્રોલને જાણ કરી હતી. આ બનાવમાં પૂણાફાયર સ્ટેશનની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર સબ ઓફિસર ભૂપેન્દ્ર રાજે જણાવ્યું હતું કે, આખલાને પકડવા માટે ફાયરનાજવાનોએપહેલા તેને ચારે બાજુથી ઘેરી લીધોહતો પરંતુ તે પકડમાં આવતોન હતો. લગભગ દોઢ કલાકની ભારે જહેમત બાદ તેને રસ્સા વડે બાંધી દેવામાં આવ્યો હતો. એ શાંત થતાં મનપાની ઢોર પકડવાવાળી પાર્ટીને સોંપી દેવામાં આવ્યો હતો. આખલો પકડાતાં અહીંનાલોકોએપણ રાહતનો દમ ભર્યો હતો.